## 6. આપણો રાષ્ટ્રધ્વજ

દરેક દેશને પોતાનો રાષ્ટ્રધ્વજ હોય છે. રાષ્ટ્રધ્વજ રાષ્ટ્રની સ્વતંત્રતાનું પ્રતીક છે.

આપણો રાષ્ટ્રધ્વજ ત્રિરંગો છે. તેમાં ઉપર કેસરી, વચ્ચે સફેદ અને નીચે લીલો એમ ત્રણ રંગના પટ્ટા છે. સફેદ રંગના પટ્ટામાં અશોકચક્ર છે. રાષ્ટ્રધ્વજમાંનો કેસરી રંગ વીરતાનું પ્રતીક છે. તે ત્યાગ અને બલિદાનની ભાવના વ્યક્ત કરે છે. તે આપણને દેશની આઝાદીના રક્ષણ માટે બલિદાન આપવા તૈયાર રહેવાનું સૂચવે છે. સફેદ રંગ શાંતિ અને પ્રેમનો સંદેશો આપે છે. લીલો રંગ હરિયાળી ક્રાંતિનું પ્રતીક છે. દેશ સતત પ્રગતિ કરતો રહે તેવી ભાવના તેમાં રહેલી છે. અશોકચક્ર બધા ધર્મો પ્રત્યે સમભાવ રાખવાનું સૂચવે છે.

ઈ. સ. 1947 પહેલાં ભારતમાં અંગ્રેજોનું શાસન હતું. આપણો દેશ અંગ્રેજોનો ગુલામ હતો. આપણે આપણો રાષ્ટ્રધ્વજ ફરકાવી શકતા ન હતા. ગાંધીજીની નેતાગીરી હેઠળ આપણે આઝાદી મેળવવા અનેક આંદોલનો કર્યાં. અનેક નામી-અનામી દેશભક્તોનાં બલિદાન પછી આપણને આઝાદી મળી. આપણા દેશમાં આપણું શાસન શરૂ થયું. બધે આપણો રાષ્ટ્રધ્વજ ફરકવા લાગ્યો.

15 ઑગસ્ટ અને 26 જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારોના દિવસોએ આપણે આપણો રાષ્ટ્રધ્વજ ફરકાવીએ છીએ. સરકારી મકાનો અને જાહેર મકાનો પર

રાષ્ટ્રધ્વજ હંમેશાં લહેરાતો રહે છે. મહાન નેતાઓના અવસાન વખતે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવે છે.

રાષ્ટ્રધ્વજ દેશની શાન છે. આપણે રાષ્ટ્રધ્વજનું ગૌરવ જાળવવું જોઈએ.

## 1. વર્ષાઋતુ

આપણા દેશમાં મુખ્ય ત્રણ ઋતુઓ છે : શિયાળો, ઉનાળો અને ચોમાસું. ઉનાળા પછી ચોમાસું આવે છે. ચોમાસામાં વરસાદ પડતો હોવાથી તેને 'વર્ષાઋતુ' પણ કહે છે.

વર્ષાઋતુમાં આકાશમાં કાળાં કાળાં વાદળાં ચડી આવે છે. વીજળીના ચમકારા થાય છે. વાદળોના ગડગડાટ અને પવનના સૂસવાટા સાથે વરસાદ તૂટી પડે છે. બાળકો વરસાદમાં નહાય છે અને કૂદાકૂદ કરે છે. લોકોને બહાર જવું હોય તો છત્રી કે રેઈનકોટ લઈને નીકળે છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. નદીનાળાં છલકાય છે. વાહનોની અવરજવર બંધ પડી જાય છે. શહેરના રસ્તાઓ અને વૃક્ષો સ્વચ્છ અને સુંદર લાગે છે. મોર કળા કરી નાચે છે અને દેડકાં 'ડ્રાંઉં ...ડ્રાંઉં ...' કરે છે. માણસો અને પશુપક્ષીઓ રાજી રાજી થઈ જાય છે.

ખેડૂતો પોતાના બળદોને લઈને ખેતરમાં જાય છે. તેઓ ખેતર ખેડે છે, બી વાવે છે અને ધરુ રોપે છે. થોડા દિવસોમાં ખેતરમાં અનાજ ઊગી નીકળે છે. ધરતી પર ચારે બાજુ લીલું ઘાસ ઊગી નીકળે છે. ધરતી પરનું આ દૃશ્ય અતિ સુંદર લાગે છે.

કેટલીક વાર અતિવૃષ્ટિ થાય છે. તેથી જાનમાલને નુકસાન થાય છે. કેટલીક વાર અનાવૃષ્ટિ થાય છે. તેથી અનાજ પાકતું નથી અને પાણીની તંગી પડે છે.

વર્ષાઋતુમાં રક્ષાબંધન, ગૌરીવ્રત, જન્માષ્ટમી, સંવત્સરી, ગણેશચતુર્થી, શીતળા સાતમ, પંદરમી ઑગસ્ટ, નવરાત્રિ વગેરે તહેવારો આવે છે. આ તહેવારો આપણે આનંદથી ઊજવીએ છીએ.

વર્ષાઋતુમાં માખી અને મચ્છરનો ઉપદ્રવ રહે છે. તેથી તંદુરસ્તીની કાળજી રાખવી પડે. વર્ષાઋતુ આપણને પાણી આપે છે. પાણી આપણું જીવન છે. આથી વર્ષાઋતુ બધાં પ્રાણીઓ માટે અતિ ઉપયોગી ઋતુ છે.

આથી જ વર્ષાઋતુને 'ઋતુઓની રાણી' કહે છે.

# 7 શબ્દકોશનો ઉપયોગ અને જોડણી

કોઈ શબ્દની સાચી જોડણી જાણવી હોય કે તેનો અર્થ જાણવો હોય તો શબ્દકોશનો ઉપયોગ કરવો પડે છે.

શબ્દકોશમાંથી શબ્દ શોધવા માટે શબ્દોનો કોશક્રમ જાણવો જરૂરી છે. શબ્દોનો કોશક્રમ નક્કી કરવા માટેના કેટલાક માર્ગદર્શક નિયમો છે :

## શબ્દકોશમાં શબ્દોનો ક્રમ નક્કી કરવાના નિયમો

(1) શબ્દોને પ્રથમ બારાક્ષરીના ક્રમમાં અને પછી કક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવે છે.

**બારાક્ષરીનો ક્રમ :**

અ, અં, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ

**કક્કાનો ક્રમ :**

ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ, ટ, ઠ, ડ, ઢ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ

(2) શબ્દકોશમાં સૌથી પહેલાં 'અ'થી શરૂ થતા અને છેલ્લે 'હ'થી શરૂ થતા શબ્દો આવે છે.

* 'ઙ્', 'ઞ્', 'ણ' અને 'ળ'થી શરૂ થતા શબ્દો ન હોવાથી તેનો શબ્દકોશમાં સમાવેશ થતો નથી.

* 'ક્ષ' એ 'ક્' અને 'શ'નો જોડાક્ષર હોવાથી 'ક્ષ'થી શરૂ થતા શબ્દો 'ક'ની શ્રેણીમાં આવે છે.

* 'જ્ઞ' એ 'જ્' અને 'ઞ'નો જોડાક્ષર હોવાથી 'જ્ઞ'થી શરૂ થતા શબ્દો 'જ'ની શ્રેણીમાં આવે છે.

(3) 'ક'થી 'હ' સુધી અક્ષરોને બારાક્ષરીના ક્રમમાં ગોઠવાય છે.

દા. ત., **'ક'નો ક્રમ :** ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કૅ, કેં, કૈ, કૈં, કો, કૉ, કોં, કૌ, કૌં, ક્ર, ક્રં ...

(4) શબ્દોનો પ્રથમ અક્ષર સમાન હોય તો બીજા અક્ષર પ્રમાણે અને બીજો અક્ષર સમાન હોય તો ત્રીજા અક્ષર પ્રમાણે એમ શબ્દોનો ક્રમ આગળ વધે છે.

દા. ત., 'વિભાજક' અને 'વિભાજન'માં 'વિભાજ' સમાન છે. ચોથા અક્ષરમાં 'ન' કરતાં 'ક' આગળ આવે. તેથી શબ્દકોશમાં 'વિભાજક' શબ્દ પછી 'વિભાજન' શબ્દ આવે.

(5) જે-તે અક્ષરની બારાખડીનો ક્રમ પૂરો થતાં જોડાક્ષરોનો ક્રમ શરૂ થાય છે. તેમાં જોડનાર અક્ષરોનો ક્રમ પણ કક્કાવારી પ્રમાણેનો હોય છે.

જેમ કે, 'સ્ફોટક' શબ્દ પછી "સ્મરણીય" શબ્દ આવે.

(6) 'ઍ' અને 'ઑ' જેવા સ્વરોનો કોશક્રમ 'એ' અને 'ઓ' પ્રમાણે જ નક્કી થાય છે.

આપેલા શબ્દોને કોશક્રમ પ્રમાણે ગોઠવવા:

**નીચેના શબ્દોને કોશક્રમ પ્રમાણે ગોઠવો:**

કાવ્ય, બાળક, સ્વજન, ધરણી, અંકુર, મયૂર, આકાશ, દીવાલ, દુશ્મન, કિલ્લો.

**(1) પહેલાં બારાખડીના ક્રમમાં આવતા શબ્દો આવે:**

અંકુર, આકાશ.

**(2) પછી કક્કાવારીના ક્રમમાં આવતા શબ્દો આવે:**

કાવ્ય, કિલ્લો, દીવાલ, દુશ્મન, ધરણી, બાળક, મયૂર, સ્વજન.

**(3) હવે બધા જ શબ્દોની કોશક્રમ પ્રમાણે ગોઠવણ નીચે પ્રમાણે થશે:**

અંકુર, આકાશ, કાવ્ય, કિલ્લો, દીવાલ, દુશ્મન, ધરણી, બાળક, મયૂર, સ્વજન.

## સ્વાધ્યાય

**1. નીચેનાં શબ્દજોડકાં જુઓ, તેમાં શબ્દકોશના ક્રમ પ્રમાણે જે શબ્દ પહેલો આવે તેની નીચે લીટી દોરો:**

(1) ભાઈ – પવન (2) દિલ – દિશા (3) પ્રભુ – પ્રેમ
(4) કાવ્ય – ગાન (5) શક્તિ – શિસ્ત (6) અડપલું – અટકળ
(7) ઉત્કર્ષ – ઉન્નત (8) જનક – મિનિટ (9) પાતાળ – વિશ્વાસ
(10) ખેત – કુંજ (11) ક્ષમા – ખેતર (12) ડુંગર – ડર
(13) સ્મિત – શિસ્ત (14) ફૂલ – છોડ (15) નિવૃત્ત – ઉન્નત

**2. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો:**

(1) માહિતી, સંસ્કૃતિ, સમિતિ, કાનસી, જ્ઞાન, બહુત, ઇસ્લામ, મજબૂત.
(2) ટપાલ, ટેલિવિઝન, ઈ-મેઇલ, મોબાઇલ, દૂત, અખબાર, કબૂતર.
(3) જલેબી, પૃથ્વી, પ્રૌઢ, અહિંસા, ભીખ, ભવિષ્ય.
(4) શિક્ષક, શક્તિ, શબ્દ, શિખર, શિસ્ત, શુભ.
(5) નિર્ણય, નિરર્થક, નિમિત્ત, નિશાળ, નિસ્બત, નિયમિત.

# 1 મારી શાળા

| | |
|---|---|
| હેતુ<br>Objectives | • વિદ્યાર્થીઓ શાળાનું મહત્વ સમજે.<br>• શાળામાં જવાથી ભણતર ઉપરાંત ગણતર મેળવે.<br>• પોતાના વ્યક્તિત્વમાં સતત શાળામાં શીખવાતા મૂલ્યોનો સમાવેશ કરે.<br>• સર્વ ધર્મ સમભાવની ભાવના સમજે. |
| સહાયક સામગ્રી<br>Support material | • પાઠ્ય પુસ્તક • અભ્યાસપત્ર • ઈ-બુક એનિમેશન સહિત • ટેસ્ટ જનરેટર<br>• વેબ સપોર્ટ • શ્યામફલક • ચૉક. |
| પાઠની તૈયારી<br>Generate interest | • "આવો જાણીએ" શીર્ષક હેઠળ અપાયેલા પ્રશ્નોની ચર્ચા.<br>• વિદ્યાર્થીઓને પૂછવું કે તેઓ "શાળા" વિશે શું જાણે છે ?<br>• ઉત્તરો જાણ્યા બાદ શાળામાં વિદ્યાર્થીઓ માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરવી.<br>• વિદ્યાર્થીઓને જણાવવું કે કઈ રીતે અભ્યાસ આપણને ભવિષ્યમાં કારકિર્દી બનાવવામાં મદદરૂપ થાય છે. |
| વાચન/પઠન/શ્રવણ<br>Speaking/reading/listening | • પ્રથમ સ્વયં આદર્શ રીતે કાવ્યપાઠ કરવો.<br>• કાવ્ય સાંભળવા માટે સીડીનો ઉપયોગ કરવો.<br>• બધા બાળકો પાસે કાવ્યનું પઠન કરાવવું.<br>• કાવ્ય કંઠસ્થ કરાવવું. |
| શબ્દ પરિચય<br>Vocabulary | • કાવ્યમાં દર્શાવાયેલ શબ્દોના અર્થ જણાવવા.<br>• અન્ય નવિન શબ્દો જેમ કે ગણતર, રસથાળ, પીરસવું, શહાદત, શૌર્યતા, સિંચન વગેરેના અર્થ સમજાવવા.<br>• અશુદ્ધ બોલાયેલા શબ્દોના યોગ્ય ઉચ્ચારણ કરાવવા.<br>• શ્રુતલેખન કરાવવું. |
| મૌખિક/લિખિત/અભિવ્યક્તિ<br>Oral/written expression | • પ્રશ્નોના જવાબ પહેલાં મૌખિક પછી લિખિત સ્વરૂપે કરાવવા.<br>• સમાનાર્થી શબ્દો, સંયુક્ત વ્યંજન, સંજ્ઞા, સર્વનામનો અભ્યાસ કરાવવો. |
| રચનાત્મક પ્રવૃત્તિઓ<br>Creative activities | • વિદ્યાર્થીઓ શાળામાં થતી ઈત્તર પ્રવૃત્તિ વિશે ૧૦ વાક્યો લખે.<br>• વિદ્યાર્થીઓ સાથે મળીને ચાર્ટ પેપર પર શાળાનું ચિત્ર દોરે. |

## સ્વાધ્યાય

### મૌખિક

પ્ર.૧ શાળા ભણતર સાથે શું શીખવે છે ?

જ.૧ શાળા ભણતર સાથે ગણતર શીખવે છે.

પ્ર.૨ શાળા અનોખી અને ન્યારી શા માટે છે ?

જ.૨ શાળા વિવિધ વિષયોના રસથાળ પીરસતી હોવાથી અનોખી અને ન્યારી છે.

પ્ર.૩ શાળા બાળકોને કયા પાઠ શીખવે છે ?

જ.૩ શાળા બાળકોને સત્ય, અહિંસા અને વીરતાના પાઠ શીખવે છે.

### લિખિત

૧. પ્ર.૧ વિદ્યાર્થીને શાળાએ જલ્દી જવાની ઈચ્છા શા માટે થાય છે ?

જ.૧ વિદ્યાર્થિની શાળા ભણતર સાથે ગણતર દેતી એક નિરાલી શાળા હોવાથી તેને શાળાએ જલ્દી જવાની ઈચ્છા થાય છે.

પ્ર.૨ ગાંધીજી અને સરદાર પટેલના વિચારો કઈ બાબતની શિખામણ આપે છે ?

જ.૨ ગાંધીજી સત્ય અને અહિંસા તથા સરદાર પટેલ વીરતાના પાઠ પોતાના વિચારો દ્વારા શીખવે છે.

પ્ર.૩ સર્વધર્મ સમભાવ એટલે શું ?

૪.૩ સર્વધર્મ સમભાવ એટલે દરેક ધર્મ સમાનની ભાવના.

૨. યોગ્ય ઉત્તર પસંદ કરીને (✓) ની નિશાની લગાવો.

૧. શાળા ક્યા વિષયો શીખવે છે ? ☑ બધા વિષયો

૨. ગાંધીજીએ શેની શિખામણ આપી છે ? ☑ સત્ય-અહિંસાની

૩. શાળામાં ભણતર સાથે કઈ બાબત શીખવા મળે છે ? ☑ ગણતર

**મૂલ્યવર્ધક પ્રશ્ન.** શાળાએ જવાના ક્યા લાભ છે ?

શાળાએ જવાથી વિદ્યાર્થી વિવિધ વિષયોનું જ્ઞાન તો મેળવે જ છે સાથે તેના વ્યક્તિત્વને નિખાર થાય છે. વિદ્યાર્થીમાં નિયમિતતા અને શિસ્તપાલનના ગુણો કેળવાય છે. વિદ્યાર્થીઓમાં સત્ય, અહિંસા, વીરતા, આજ્ઞાપાલન અને વડીલો પ્રત્યે આદરની ભાવના કેળવાય છે.

## ભાષાજ્ઞાન

**૧. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો કાવ્યમાંથી શોધો.**

દોસ્ત - ...મિત્ર...

સચ્ચાઈ - ...સત્ય...

શૂરવીર - ...શૌર્ય...

અનોખું - ...ન્યારું...

શહીદી - ...શહાદત...

**૨. નીચે દર્શાવાયેલ સંયુક્ત વ્યંજનનો ઉપયોગ કરીને બે-બે શબ્દો લખો.**

ત્ય - ...સત્ય, ત્યાગ...

ધ્ય - ...વિંધ્ય, ધ્યેય

ન્ય - ...ન્યાય, ધન્ય...

સ્ત - ...સૂર્યાસ્ત, વ્યસ્ત...

**૩. નીચેના શબ્દોમાંથી સંજ્ઞા અને સર્વનામ અલગ કરીને લખો.**

**સંજ્ઞા** - ...શાળા, ગાંધીજી, મિત્ર...

**સર્વનામ** - ...મારી, તમે, તે...

**૪. શબ્દો જોડીને વાક્ય બનાવો.**

મારી શાળા નિરાલી છે.

વિવિધ વિષયો શીખવે છે.

સર્વધર્મ સમાન છે.

સરદારે વીરતાના પાઠ ભણાવ્યા છે.

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. પોતાની શાળામાં થતી ઈત્તર પ્રવૃત્તિ વિશે વિદ્યાર્થીઓ ૧૦ વાક્યો સ્વયં લખે.

૨. વિદ્યાર્થીઓ સાથે મળીને ચાર્ટપેપર પર પોતાની શાળાનું ચિત્ર દોરે.

**સવિશેષ –** વિદ્યાર્થીઓ પુસ્તકાલયમાં ઉપલબ્ધ ગણિત વષયના પુસ્તકોની સૂચિ બનાવો. ગણિત શિક્ષક કરે.

# 2 ગુફા ફરી ગાજી

| | |
|---|---|
| હેતુ<br>Objectives | • સાહસ, નીડરતા, સૂઝ-બૂઝથી કામ કરવાની પ્રેરણા દેવી. મુશ્કેલીમાંથી નિકળવાની આવડત કેવી કેળવી શીખવવું. બાળકોને સહકારથી કરવાનું મહત્વ સમજાવવું.<br>• ચિત્ર જોવા, રંગ ભરવા, વાર્તાના શબ્દો પર ભાર મૂકવો.<br>• પાઠનું મુખ્ય પઠન કરવું. |
| સહાયક સામગ્રી<br>Support material | • પાઠ્ય પુસ્તક • ચાર્ટ/આલ્બમ • ઈ-બુક એનિમેશન સહિત • ફ્લેશ કાર્ડ<br>• ચિત્ર સામગ્રી • શ્યામફલક • ચૉક. |
| પાઠની તૈયારી<br>Generate interest | • "બાળકો સાહસિકો" શીર્ષક હેઠળ દર્શાવેલ પ્રશ્નોની ચર્ચા.<br>• સમાચારપત્રોમાંથી બહાદુર બાળકોની ચિત્ર અને વિડિયો મેળવીને વિદ્યાર્થીઓને વાંચવા/જોવા માટે આપવા.<br>• પૂછવું: શું તમે તે ક્યારેય કોઈ મુશ્કેલીનો સામનો કર્યો છે? તમે તે પરિસ્થિતિમાં શું કર્યું?<br>• કહેવું: આજે હું તમને એક બહાદુર, નીડર બાળકની વાર્તા કહીશ જેણે પોતાની સૂઝ-બૂઝથી ન પોતાના સાથીને બચાવ્યો પરંતુ બાળકોને પણ ગુંડાઓથી છૂટકારો અપાવ્યો અને સાથે જ પોલીસની પણ સહાયતા કરી. |
| વાચન/પઠન/શ્રવણ<br>Speaking/reading/listening | • ઈ-બુક એનિમેશન દ્વારા વાર્તા સંભળાવ્યા પછી બાળકોને પ્રશ્ન પૂછી પૂછવા જેનાથી તે ખ્યાલ આવે કે બાળકોએ વાર્તા ધ્યાનથી સાંભળી છે કે નહીં. ત્યાર પાઠનું આદર્શ વાંચન કરવું. વાર્તાનો દરેક ફકરો બધા બાળકો પાસે વંચાવવો.<br>• બાળકોના ઉચ્ચારણ અને વાંચવાની પદ્ધતિ પર ધ્યાન દેવું જે શબ્દોનું બાળકોએ અયોગ્ય ઉચ્ચારણ કર્યું હોય તેનું યોગ્ય ઉચ્ચારણ કરવું.<br>• ઈ-બુકની સહાયતાથી શબ્દો ઓળખાવવા. |
| શબ્દ પરિચય<br>Vocabulary | • પાઠમાં દર્શાવેલ શબ્દાર્થ જણાવવા. અન્ય નવીન શબ્દ અને તેના અર્થ જણાવવા. જેમ કે, ગુપ્ત રસ્તો, ગભરાઈને કામ, પગ થાક, ખૂણો સમાન, તરત તે જ સમયે.<br>• અયોગ્ય રીતે લખાયેલા શબ્દોને ફ્લેશ કાર્ડ પર લખી સમજાવવા.<br>• સંયુક્ત વ્યંજન શબ્દો, અનુસ્વારવાળા શબ્દો કરાવવા.<br>• શ્રુતલેખન કરાવવું. |

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ રૂપા કઈ રમત રમી રહી હતી ?**

જ.૧ રૂપા ચોર-સિપાહીની રમત રમી રહી હતી.

**પ્ર.૨ મનીષના હાથ પગ શેનાથી બંધાયેલા હતા ?**

જ.૨ મનીષના હાથ પગ દોરીથી બંધાયેલા હતા.

**પ્ર.૩ લૂંટારુઓને કોણે પકડાવ્યા ?**

જ.૩ રૂપાએ લૂંટારુઓને પકડાવ્યો.

### લિખિત

૧. **પ્ર.૧ રૂપાને કઈ બાબતમાં રૂચિ હતી ?**

જ.૧ રૂપાને વાંચવાનો શોખ હતો અને તેણી ખેલકૂદમાં પણ ચુસ્ત હતી.

**પ્ર.૨ મનીષને બંધાયેલો જોઈને રૂપાએ શું કર્યું ?**

જ.૨ મનીષને બંધાયેલો જોઈને રૂપા એક પળ માટે અવાચક થઈ ગઈ, પછી તેણીએ હિંમત એ
તેના મુખ પર બંધાયેલ કપડું ખોલી નાંખ્યું.

**પ્ર.૩ રૂપાએ લૂંટારુનો મુકાબલો કઈ રીતે કર્યો ?**

જ.૩ રૂપાએ લૂંટારુના હાથ પર પૂરા જોશથી બટકું ભર્યું અને તેની પકડમાંથી ભાગી ગઈ. પછી તે
પથ્થર ઉઠાવીને તેને માર્યો. લૂંટારુ જ્યારે પડી ગયો ત્યારે તેને લાકડીથી ખૂબ માર્યો અને
સહાયતાથી તેને દોરી વડે બાંધી દીધો.

૨. **વાર્તામાં દર્શાવ્યા મુજબ યોગ્ય વાક્યની સામે ખરાં (✓) ની નિશાની કરો.**

૧. રૂપાને અભ્યાસ કરવાનું પસંદ ન હતું. ☐

૨. રૂપા નીડર અને હિંમતવાન હતી. ☑

૩. મનીષને કોઈએ ધક્કો માર્યો. ☐

૪. રૂપાએ લૂંટારુને લાકડીથી માર્યો. ☑

૫. રૂપાનું ચિત્ર અખબારમાં છપાયું. ☑

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ રૂપા કઈ રમત રમી રહી હતી ?**

જ.૧ રૂપા ચોર-સિપાહીની રમત રમી રહી હતી.

**પ્ર.૨ મનીષના હાથ પગ શેનાથી બંધાયેલા હતા ?**

જ.૨ મનીષના હાથ પગ દોરીથી બંધાયેલા હતા.

**પ્ર.૩ લૂંટારુઓને કોણે પકડાવ્યા ?**

જ.૩ રૂપાએ લૂંટારુઓને પકડાવ્યો.

### લિખિત

૧. **પ્ર.૧ રૂપાને કઈ બાબતમાં રૂચિ હતી ?**

જ.૧ રૂપાને વાંચવાનો શોખ હતો અને તેણી ખેલકૂદમાં પણ ચુસ્ત હતી.

**પ્ર.૨ મનીષને બંધાયેલો જોઈને રૂપાએ શું કર્યું ?**

જ.૨ મનીષને બંધાયેલો જોઈને રૂપા એક પળ માટે અવાચક થઈ ગઈ, પછી તેણીએ હિંમત એકઠ તેના મુખ પર બંધાયેલ કપડું ખોલી નાંખ્યું.

**પ્ર.૩ રૂપાએ લૂંટારુનો મુકાબલો કઈ રીતે કર્યો ?**

જ.૩ રૂપાએ લૂંટારુના હાથ પર પૂરા જોશથી બટકું ભર્યું અને તેની પકડમાંથી ભાગી ગઈ. પછી તેણ પથ્થર ઉઠાવીને તેને માર્યો. લૂંટારુ જ્યારે પડી ગયો ત્યારે તેને લાકડીથી ખૂબ માર્યો અને ગ સહાયતાથી તેને દોરી વડે બાંધી દીધો.

૨. **વાર્તામાં દર્શાવ્યા મુજબ યોગ્ય વાક્યની સામે ખરાં (✓) ની નિશાની કરો.**

૧. રૂપાને અભ્યાસ કરવાનું પસંદ ન હતું. ☐

૨. રૂપા નીડર અને હિંમતવાન હતી. ☑

૩. મનીષને કોઈએ ધક્કો માર્યો. ☐

૪. રૂપાએ લૂંટારુને લાકડીથી માર્યો. ☑

૫. રૂપાનું ચિત્ર અખબારમાં છપાયું. ☑

૬. લૂંટારુંનું નામ રૂપક હતું. ☐

૩. નીચે દર્શાવાયેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાં (✓) ની નિશાની કરો.

૧. રૂપા મનીષને શોધતાં શોધતાં ક્યાં પહોંચી ? ☑ શેરડીના ખેતરમાં

૨. હુમલો કરનારના હાથ ઉપર બટકું કોણે ભર્યું ? ☑ રૂપાએ

૩. લૂંટારુને દોરીથી કોણે બાંધ્યો ? ☑ રૂપા અને મનીષે

૪. રૂપાએ કોને પકડાવ્યો ? ☑ લૂંટારુને

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

રૂપા જેવા હિંમતવાન બાળકો પાસેથી આપણને સાહસી, નીડર અને બુદ્ધિમાન બનવાની પ્રેરણા મળે છે.

## ભાષાજ્ઞાન

**૧. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

હિંમત - ···સાહસ···
હાથ - ···કર···
પ્રશંસા - ···વખાણ···
આંખ - ···નયન···
યોગ્ય - ···ઉચિત···
રક્ત - ···લોહી···

**૨. સંયુક્ત વ્યંજનોના ઉપયોગ દ્વારા રિક્ત સ્થાનની પૂર્તિ કરો.**

| (મ્ + મ = મ્મ) | (ન્ + ન = ન્ન) | (સ્ + ત = સ્ત) |
|---|---|---|
| ···ગમ્મત··· | ···મુન્ના··· | ···પુસ્તક··· |
| ···હિમ્મત··· | ···અન્ન··· | ···મસ્તક··· |
| ···ખમ્મા··· | ···પ્રસન્ન··· | ···ચુસ્ત··· |

**૩. ર, રૂ અને ઋ નો તફાવત સમજો અને તેનાથી શરૂ થતા બે-બે શબ્દો લખો.**

| ર | રૂ | ઋ |
|---|---|---|
| ···રચના··· | ···રૂપ··· | ···ઋષિ··· |
| ···રસ્સી··· | ···રુચિ··· | ···ઋતુ··· |

**૪. પાઠમાંથી પાંચ સંજ્ઞા શોધીને લખો.**

···રૂપા··· ···રૂચિ··· ···મનીષા··· ···ખેતર··· ···દોરી···

**૫ લિંગ બદલો**

છોકરો × ···છોકરી···
ભાઈ × ···બહેન···
પુરૂષ × ···સ્ત્રી···
ધોબણ × ···ધોબી···
બાલિકા × ···બાળક···
માતા × ···પિતા···